# GUJARATI

*Maximum Marks: 80*
*Time Allowed: Three Hours*

*(Candidates are allowed **additional 15 minutes** for **only** reading the paper. They must **NOT** start writing during this time.)*

*Answer **Questions 1, 2 and 3 in Section A** and **four** questions from **Section B** on **any three** out of the four prescribed textbooks.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

## SECTION A
## LANGUAGE - 40 MARKS

**Question 1** **[15]**

**Write a composition in approximately 400 words in Gujarati on *any one* of the topics given below.**

**નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ગુજરાતીમાં આશરે 400 શબ્દોમાં નિબંધ લખો.**

(i) મારો યાદગાર પ્રવાસ.

(ii) 'મોબાઈલ વિના એક ક્ષણ પણ જીવવું મુશ્કેલ છે.' મોબાઇલની વિશેષતા અને મહત્ત્વતાની ચર્ચા કરો.

(iii) 'આજની શાળાઓમાં મેદાની રમતને વધુ ને વધુ પ્રોત્સાહન મળવું જોઈએ.' આ કથનની વિરુદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય રજૂ કરો.

(iv) જો હું સેલિબ્રિટી હોઉ તો.....

(v) આધુનિક સમાજની બદલાતી જીવનશૈલીને લીધે આપણે અનેક બીમારીઓનો ભોગ બનીએ છીએ તે ધ્યાનમાં રાખી એક જવાબદાર વ્યક્તિ તરીકે આપણે શી શી તકેદારીઓ રાખવી જોઇએ તેનું વિવરણ કરો.

(vi) નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય પર મૌલિક વાર્તા કે પ્રસંગ લખો.

(a) અદેખાઈ / ઈર્ષ્યાં

(b) હાસ્ય તાકાતવાન હથિયાર છે.

**This Paper consists of 9 printed pages and one blank page.**



© *Copyright reserved.*

**Question 2**

**Read the passage given below carefully and answer the questions that follow, using your own words in Gujarati.**

**નીચે આપેલ પરિચ્છેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.**

બે-ચાર વર્ષ પહેલાં કોઈક અંગ્રેજી સામાયિકમાં એક કિસ્સો વાંચેલો. સાત વર્ષની ઉંમરથી નિકિતા ધિયા ભારતનાટ્યમ શીખતી હતી. સોળમે વર્ષે તો એ પારંગત થઈ ગઈ, બરાબર એજ ઉંમરે પ્રારબ્ધે ફટકો માર્યો. તેની બંને કિડની કામ કરતી બંધ થઈ ગઈ. માતાએ આપેલી કિડની તેના શરીરે 'રેજેક્ટ' કરી. અઠવાડિયે ત્રણવાર ડાયાલિસિસ કરાવવાનું ચાલુ થયું. પછીના ૧૩ વર્ષ નિકિતા માટે બંધિયાર અંધારાના હતાં. નૃત્ય કરવા પર ડોકટરોની મનાઈ હતી. અસહ્ય યાતનાથી રિબાવાનું હતું. આંખોનું તેજ ઓલવાવા માંડ્યુ. મોતિયાનાં બબ્બે ઓપેરેશનો કરાવવા પડ્યાં. સ્ટિરોઇડ્સ અને બીજી દવાઓની આડઅસરોએ શરીરને બેહાલ અને બેડોળ કરી મૂક્યું. ડિપ્રેશને નિકિતાને ભાંગી નાખી.

એક સખીના આરંગેત્રમે નિકિતાના જીવનમાં નવો વળાંક આણ્યો. સખીનું નૃત્ય નિહાળતા જ નિકિતાને સ્વધર્મ મળ્યો. ડોકટરોને અવગણી તેણે નૃત્યની રિયાજ ચાલુ કરી. કાર્યક્રમ કરવા જેટલી શક્તિ અને સ્ફૂર્તિ મેળવ્યા.યોગ્ય રીતે જ તેણે પહેલો કાર્યક્રમ નડિયાદની યુરોલોજી હોસ્પિટલમાં આપ્યો. તે પછી ડોકટરોએ નૃત્ય પરની મનાઈ હટાવી દીધી. ડોકટરો દર્દીને અનુસર્યા. નિકિતાનું 'ડિપ્રેશન' ક્યાંય નાસી ગયું.

નિકિતાએ વિચાર્યું કે પોતે નસીબદાર છે. તેના પિતા મહિને રૂ. ૨૫,૦૦૦ નો ખર્ચ ડાયાલિસિસનો ઉપાડી શકે છે, પણ ગરીબ દર્દીઓનું શું થતું હશે ? આવા દર્દીઓને સહાય કરવા નિકિતાએ નૃત્યના કાર્યક્રમો આપવા માંડ્યા. વડોદરા, વલસાડ, અમદાવાદ, વાપી, મદ્રાસ વગેરે સ્થળોએ એણે કાર્યક્રમો આપ્યા છે. ૪૫ મિનિટથી લાંબો કાર્યક્રમ એ આપી શક્તી નહોતી, થાકી જવાતું. ત્રણથી વધારે દિવસ તે અમદાવાદથી બહાર રહી શકતી નહોતી. આમ છતાં ય તેણે ૫૦ લાખ રૂપિયા એકઠા કર્યા. તેનો સદુપયોગ કર્યો. દર મહિને વીસેક જેટલા ગરીબ દર્દીઓને એ રકમમાંથી સહાય મળતી.

નિકિતાનો કાર્યક્રમ નિહાળો તો યુવાન,સુંદર નર્તકી ચપળતાથી નૃત્ય કરતી દેખાય, પણ તેના સારા પહેરવેશમાં, તેના ઘરમાં, એની સામાન્ય સ્થિતિમાં તેને જુઓ ત્યારે તેની સાચી હાલતની ખબર પડે. વરસોનાં ડાયાલિસિસે તેના સ્વાસ્થ્ય અને સૌંદર્યનો ભોગ લીધો હતો. બાંયો નીચે હાથ સૂજી ગયા હતા, નસો ગંઠાઈને ગૂંચાઇ ગઈ હતી. આમ છતાં નિકિતાની પરમાર્થ પ્રવૃત્તિ ચાલુ રહી. એ કહેતી, વૈયક્તિક સારવાર તરીકે ચાલુ થયેલું કામ હવે 'મિશન' બની ગયું છે.

નાના-મોટા સ્થળોએ આવા નાના મોટા કામ કરનારાં કેટલાય હોય છે. કમનસીબે આપણાં છાપાં અને સામાયિકોમાં આવા કિસ્સાઓની નોંધ ભાગ્યે જ લેવાય છે. ખરેખર તો સદ્વૃત્તિ ધરાવતી વિધાયક વ્યક્તિઓના કિસ્સા નોંધાવા જોઈએ. આવા પુણ્યાત્માઓને લઈને જ આ ધરતી અસંખ્ય પાપીઓનો ભાર ઝીલી શકતી હશે.

**પ્રશ્નો:**

(i) કિડની કામ કરતી બંધ થવાની કઇ કઇ આડઅસર નિકિતાના શરીર પર થઈ? **[3]**

(ii) ડોકટરોએ નિકિતાના નૃત્ય પરની મનાઇ કેમ હટાવી દીધી? **[3]**

(iii) કયા વિચારે નિકિતાએ દર્દીઓને સહાય કરવાનું વિચાર્યું? તે માટે તેણે શું કર્યું? **[3]**

(iv) નિકિતાનું 'ડિપ્રેશન' ક્યાંય નાસી ગયું.......

(a) આ વાક્યમાં કયો ભાવ વ્યક્ત થયો છે ? **[1]**

(1) પોતાના કામ માટે સ્ફૂર્તિ મેળવવાનો ભાવ

(2) સખીના નૃત્યથી સ્વધર્મ મેળવ્યાનો ભાવ

(3) પરમાર્થનું કામ કરવાનો ભાવ

(4) લોકોને મદદરૂપ થવાનો ભાવ

(b) નિકિતા ૪૫ મિનિટથી લાંબો કાર્યક્રમ આપી શકતી નહીં કારણ ... **[1]**

(1) ડોકટરે મનાઇ કરી હતી.

(2) તેને અશક્તિ લાગતી.

(3) તેનું શરીર સાથ આપતું.

(4) તેનાથી થાકી જવાતું.

(c) વૈક્તિક સારવારથી ચાલુ થયેલું કામ હવે નિકિતાનું 'મિશન' કેમ બની ગયું ? **[1]**

(1) પરમાર્થ પ્રવૃત્તિ ચાલુ રાખવા.

(2) ચપળતાથી નૃત્ય કરવા.

(3) માત્ર રૂપિયા એકઠા કરવા.

(4) પોતાને પ્રવૃત્ત રાખવા.

(v) આ ધરતીમાં અસંખ્ય પાપીઓનો ભાર ઝીલી શકવાની શક્યતા છે ...

(a) સાચું કારણ જણાવો [1]

(1) શ્રીમંતોના ડોનેશનના કારણે

(2) નિકિતાની સહાયને કારણે

(3) સદવૃત્તિ ધરાવતી વિધાયક વ્યક્તિ અને પુણ્યાત્માને લીધે

(4) સામાન્ય જણતા 'ડિપ્રેશન' વાળાને સહાયભૂત છે તેથી

(b) 'રિયાજ' શબ્દનો અર્થ શું થાય? [1]

(1) દોહરાવવું

(2) વારંવાર એક જ ગાન કરવું

(3) મુહાવરો

(4) અભ્યાસ માટેનું

(c) નિકિતા તેની ભેગી કરેલી રકમમાંથી .... [1]

(1) પોતાની ભૌતિક સગવડોને પહોંચી વળતી.

(2) દર મહિને 20 જેટલા દર્દીઓને સહાય કરતી.

(3) સામાયિકોમાં ફોટા અને જાહેરખબરો આપતી.

(4) માતા-પિતાને ડાયાલિસિસનો ખર્ચો પૂરો કરવા મદદરૂપ થતી.

**Question 3**

**Do as directed.**

**સૂચના અનુસાર કરો.**

નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો:

(i) ધૂળ કાઢવી [1]

(ii) નીચે આપેલી કહેવતમાં યોગ્ય શબ્દોનો ઉપયોગ કરી પૂર્ણ કરો. [1]

ડાહી સાસરે ........................................

(iii) ખાલી જગ્યામાં યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાક્ય પૂર્ણ કરો . [1]

પેન્સિલની ચોરી કરતાં રામને પકડ્યો ત્યારે તેણે .................. પકડીને કહ્યું કે , 'હવેથી તે એવું કામ નહીં કરે.'

(a) કબૂલ કરીને

(b) ધમકી આપીને

(c) કાનની બૂટ

(d) આંખ આડા કાન કરીને

(iv) ઘરે આવેલા મહેમાનો સામે રમણ ખૂબ મસ્તી કરતો હતો, ત્યારે તેના દાદાએ તેની સામે ................. ધમકાવ્યો. [1]

(a) વઢીને

(b) આંખ કાઢીને

(c) ગુસ્સે થઈને

(d) લાફો મારીને

(v) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [1]

જગતમાં ઈશ્વર છે જ નહીં એવું માનનાર ....

(a) ભક્ત

(b) અભક્ત

(c) આસ્તિક

(d) નાસ્તિક

(vi) શિવનું નૃત્ય ..... [1]

(a) તાંડવ

(b) ભારતનાટ્યમ

(c) રૌદ્ર સ્વરૂપ

(d) કથક

(vii) નીચે આપેલ કહેવતનો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો: [1]

ઊંટના અઢાર વાંકાં

(viii) નીચે આપેલા એક શબ્દ માટે શબ્દસમૂહ આપો: [1]

સાળાવેલી

(ix) નીચે આપેલા શબ્દો માટે યોગ્ય વિરોધી શબ્દ આપો: [1]

દુર્લભ

(a) અલભ

(b) સુલભ

(c) પ્રગલ્ભ

(d) લાભાલાભ

(x) બંધન [1]

(a) મુક્તિ

(b) છૂટ

(c) આઝાદ

(d) બંધાયેલું

## SECTION B
## LITERATURE - 40 MARKS

*Answer **four** questions from this section on **any three** out of the four prescribed textbooks.*

*બ વિભાગમાં **ચાર** નિયત પાઠયપુસ્તકોમાંના **કોઈપણ ત્રણ** પુસ્તકોમાંથી ચાર પ્રશ્નોના જવાબ આપો.*

### ગદ્ય સંચય (GADYA SANCHAY)

**Question 4**

'મમ્મી! તું પહેલાં મારી વાત તો સાંભળ !'

બધા પોર્ચમાં પગથિયાં પર બેસી ગયા.

'જો મમ્મી! સુબોધ આજે જ બહારગામથી આવ્યો, પછી અમે બધાએ આખી વાતની ચર્ચા કરી, મમ્મી! આ સામાનને બધુ આમ જ રહેવા દો. આપણે બંગલો વેચવો નથી.'

(i) આ વાર્તાનું શીર્ષક લખી લેખકનું નામ લખો. [1]

(ii) વાર્તા નાયિકા કોણ તે જણાવી કુટુંબનો પરિચય આપો. [2]

(iii) બંગલો ખાલી કરવા પહેલાં કોણ કોણ અને શું લઈ આવ્યા હતા? [2]

(iv) વાર્તાને અંતે પગથિયે બેસી નાયિકાના સંતાનોએ આપેલ સુખદ આંચકાનું વર્ણન કરી તમારો મનોભાવ વ્યક્ત કરો. [5]

**Question 5** **[10]**

'ભવાન ભગત એટ્લે ભગવાનનું માણસ' આ કથનને પૂરવાર કરતાં બે ઉદાહરણો આપી એમનું રેખાચિત્ર રજૂ કરો.

**Question 6** **[10]**

કાકાસાહેબે વર્ણવેલ સાચા સંતો સુખથી નિવાસ કરી શકે એવા નિર્ભય સ્થાનની મહત્તા કોઇ બે પ્રસંગો દ્વારા વ્યક્ત કરો.

## પદ્ય સંચય (PADHYA SANCHAY)

**Question 7**

'જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજાંના કૈંક ભર્યા કોડ રે:
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ;
પળના બાંધેલ એના પ્રાણ રે ....'

(i) ઉપર આપેલ કાવ્યના કવિનું નામ લખો. તે કયા કાવ્યસંગ્રહમાંથી લેવાયું છે તે પણ જણાવો. [1]

(ii) 'જગનો આધાર એની આંગળી' માં વ્યક્ત થતો ભાવ તમારા શબ્દોમાં લખો. [2]

(iii) 'ચિત્તડું ચાકડે ચડેલ' દ્વારા કવિ શું કહેવા માંગે છે? [2]

(iv) નારીના વિવિધ સ્વરૂપો જણાવી ' જનની' કાવ્યમાં વ્યક્ત થતો માતાનો મહિમા વર્ણવો. [5]

**Question 8** **[10]**

કવિ 'આદિલ મન્સૂરી' એ ગુજરાતી સાહિત્યને કયા કયા ક્ષેત્રે સમૃધ્ધ કર્યું છે તે જણાવી કવિતાનો મધ્યવર્તી વિચાર લખો.

**Question 9** **[10]**

'એટલામાં રાજી' કાવ્યના કવિ કોણ છે? તેઓ કઇ કઇ નાની બાબતોએ રાજી થવાની વાત કરે છે ? તે દ્વારા મળતો જીવન સંદેશ જણાવો.

## આંધળી ગલી (AANDHLI GALI)

**Question 10**

'પરેશ લાલ લાલ થઇ ગયો. એ રહેતો હતો ત્યાં કોઇ આ રીતે બોલતું નહોતું. તદન અજાણી સ્ત્રી આવી નાજુક વાતની એક પુરુષ સાથે ચર્ચા કરે એ બહુ અજુગતું કહેવાય. જોકે એની વાત તો સાચી જ હતી...બહુ મોડુ થઇ ગયું હતું...'

(i) કથાનાયિકાએ શી જાહેરાત આપી હતી ? શા માટે ? **[1]**

(ii) કઇ અજાણી સ્ત્રીની અહી વાત થઇ છે ? તેણે કઇ નાજુક વાત પરેશને કરી ? **[2]**

(iii) રતિલાલ એટ્લે કોણ ? તેનો નાયિકાએ કેવો પરિચય આપ્યો ? **[2]**

(iv) ઘર બાબતે કથાનાયિકાએ કઇ કઇ શરતો રાખી ? તે બદલ કોને જઇ મળવા કહ્યું ? શા માટે ? **[5]**

**Question 11** **[10]**

પહેલીવાર પરેશે મુંબઇની ભીડભાડવાળી જીવનશૈલી જોઇ પોતાના મન સાથે કેવી બાંધ-છોડ કરવાનું વિચાર્યું ? વિસ્તારથી લખો.

**Question 12** **[10]**

જાહેરખબર પ્રમાણેના ઘરનું આસ-પાસનું વાતાવરણ કેવું હતું ? ત્યાં તેની મુલાકાત કેવી વ્યક્તિ સાથે થઇ ?

# ચિનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ
# (CHINU MODINA PRATINIDHI EKANKIO)

**Question 13**

'નિલય: શું કહ્યું હતું?

શોભા : કે તારી એન્ટ્રી બહુ મોડી થઈ છે મારા જગતમાં –

નિલય : ના, આજે મને એમ લાગે છે કે તારા જગતમાં મારી એન્ટ્રી લેટ નહોતી. બોઝ અંકલની જેમ જ હું પણ વહેલો જ તારી લાઈફમાં એન્ટર થયો છુ.'

(i) આ એકાંકીના પાત્રો કયા ક્યાં છે તે જણાવો. **[1]**

(ii) પડદો ઊઘડતા મેઘલે આપેલ પોતાનો પરિચય તમારા શબ્દોમાં લખો. **[2]**

(iii) 'તારી એન્ટ્રી બહુ મોડી થઈ છે મારા જગતમાં' દ્વારા શોભાની કેવી લાગણીઓ વ્યક્ત થઈ છે? **[2]**

(iv) 'ખુલ્લાં બારણાં' ને આધારે શોભાનો પાત્ર પરિચય કરવો. **[5]**

**Question 14** **[10]**

'મત્સ્ય વેધ' એકાંકીનું ચાલક બળ શું છે? દ્રૌપદી પોતાનો ઉદ્વેગ પાંડુપુત્રો સાથે કઈ રીતે કર્યો છે તે લખો.

**Question 15** **[10]**

ભારતીય પરંપરાના શક્તિ સ્વરૂપને 'હાજરાહજૂર' માં રંગલાના ભ્રષ્ટાચારને કઇ રીતે ખુલ્લો પાડે છે તેનું વર્ણન કરો.